ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
છઠ્ઠો માળ, ગિફ્ટ વન,માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૦૫૦, ગુજરાત.
ફોન: ૦૭૯ ૨૩૬૦ ૨૦૦૦, ફેક્સ : ૦૭૯ ૨૩૬૦ ૨૦૫૪/૫૫
ઇ-મેલ એડ્રેસ: gerc@gercin.org, વેબસાઇટ: www.gercin.org

## પબ્લિક નોટીસ

### ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ મા સ્વતંત્ર સભ્યની નિમણૂંક માટેની જાહેર ખબર

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC), ગુજરાત વિદ્યુત નિયંત્રક અયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડસમેન) વિનિયમો,૨૦૧૯ અને તેના સુધારાઓ અનુસાર, નીચે દર્શાવેલ લાયકાત અને પાત્રતા ધરાવતા અરજદારો પાસેથી બરોડા સિટી સર્કલ તથા ગોધરા સર્કલ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, ખાતે ના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ મા સ્વતંત્ર સભ્યની નિમણૂંક માટે અરજી આવકારે છે.

| | | |
|---|---|---|
| ૧ | લાયકાત | ગ્રાહકોની બાબતો અંગે પૂરતો અનુભવ હોય અને મહત્વ તથા પ્રતિષ્ઠા ધરાવતી હોય તથા કોઈપણ ક્ષેત્ર વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી ધરાવતી વ્યક્તિ સ્વતંત્ર સભ્ય બને. માન્ય યુનિવર્સિટીમાંથી કાયદાની ડીગ્રી ધરાવનાર અને કાનૂની બાબતો હાથ ધરવામાં ઓછામાં ઓછો દસ (૧૦) વર્ષનો અનુભવ ધરાવતી વ્યક્તિનો વધારાનો લાભ થશે.<br><br>એ શરતે કે ફોરમ સભ્યને ગુજરાત રાજ્યની સ્થાનિક ભાષામાં કામગીરી અંગેની જાણકારી હોવી આવશ્યક છે. |
| ૨ | વય મર્યાદા | નિયુક્તિના દિવસે ૬૫ વર્ષથી ઓછી |
| ૩ | મહેતાણું | મહેતાણું દરેક બેઠક દીઠ રૂ. ૪,૦૦૦/- અથવા આયોગ દ્વારા સમયાંતરે નક્કી કર્યા મુજબ. |

ઉપર્યુક્ત માપદંડ ધરાવતા અરજદારે પોતાની જન્મ તારીખ, લાયકાત, અનુભવ, હાલનું પ્રાપ્ત વેતનના આધારની પ્રમાણિત નકલ તથા તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો એક ફોટો સાથેની અરજી આયોગ ની વેબસાઇટ પર ઉપલબ્ધ અરજીફોર્મ માં રજીસ્ટર્ડ પોસ્ટ થી કવર ઉપર **"ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ મા સ્વતંત્ર સભ્યની નિમણુંક માટેની અરજી"** દર્શાવી, તા. ૨૪/૦૭/૨૦૨૬ અથવા તે પહેલા સચિવશ્રી, જી.ઈ.આર.સી., ને આયોગ ના ઉપર દર્શાવેલ સરનામે મોકલી આપવી.

જરૂરિયાતને આધારે આયોગ બીજી કોઈ સૂચના વિના, જરૂર પડે તો, ખાલી જગ્યાઓની સંખ્યા વધારવાનો / ઘટાડવાનો / ફેરફાર કરવાનો અધિકાર અનામત રાખે છે. વધુ માહિતી આયોગની વેબસાઇટ www.gercin.org પરથી મળી શકશે.

- સહી-

**ગાંધીનગર**
**તા. ૨૨/૦૬/૨૦૨૬**

**(રંજીથ કુમાર જે., આઇ.એ.એસ)**
**સચિવ, જી.ઈ.આર.સી.**